VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited $B^{++}$ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 — ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax :** (0261) 2227312 — **ફેકસ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram :** VNSGU — **તાર :** વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** — **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** — **તા. ૯–૬–૨૦૦૫**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા. ૯–૬–૨૦૦૫ ના રોજ બપોરે ૧.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

# –: કાર્યવાહી :–

| ક્રમ | | તા. ૯–૬–૦૫ |
|---|---|---|
| ૧. | –– (કુલપતિશ્રી) | |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭. | આચાર્ય ડાૅ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮. | ડો.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯. | ડો.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | ગેરહાજર |
| ૧૨. | ડો.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | * ગેરહાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫. | ડો.વિપુલ જે. સોમાણી | ગેરહાજર |
| ૧૬. | –ખાલી– | – |
| ૧૭. | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |
| ૧૮. | શ્રી મયુરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૯. | શ્રીમતી સાધના ભંડારી | હાજર |
| ૨૦. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |

*** તેમને થયેલા અકસ્માતને કારણે સભામાં હાજર રહેવા અશકિત દર્શાવી હતી.**

૧. યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી પરંતુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્નતા ધરાવતી ન હોય અથવા એન.ઓ.સી. **(N.O.C.)** મેળવ્યું ન હોય, તેવી સંસ્થાઓ/કોલેજો અંગે સિન્ડિકેટમાં ઠરાવ્યાનુસાર આવી સંસ્થાઓ /કોલેજો પાસેથી જોડાણ અંગેની આધાર પુરાવા સહિત પત્રોથી માહિતીઓ મંગાવતા, જે તે સંસ્થાઓ/કોલેજોએ મોકલેલ ખુલાસાઓ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે સંસ્થાઓ/કોલેજોએ મોકલેલ ખુલાસાઓ પર વિચારણા કરી સિન્ડિકેટની આગળની કાર્યવાહી માટે સૂચનો કરવા માટે નીચે મુજબના સભ્યોની કમિટિ બનાવવી.

(૧) આ.ડો. વિક્રમભાઈ બી. દેસાઈ
(૨) શ્રીમતી સાધનાબેન એ. ભંડારી
(૩) શ્રી મયુરભાઈ ચૌહાણ
(૪) ડો. કિશોરસિંહ વી. દેસાઈ

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ પ્રકારની કોલેજો બાબતે વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં આ કોલેજોની યુનિવર્સિટી સાથેની સંલગ્નતા બાબતે સ્પષ્ટતા કરતી યોગ્ય જાહેરાત કરવી. તેમજ યુનિવર્સિટીના **N.O.C.** વગર અન્ય યુનિવર્સિટી સાથે જોડાણ મેળવતી કોલેજોને **Legal Notice** પાઠવવી અને કાયદેસરની કાર્યવાહી કરવી તથા રાજય સરકારને જાણ કરવી.

૨. યુનિવર્સિટી સંલગ્ન અનુદાનપાત્ર રાજપીપળાની આર.એમ.કોમર્સ કોલેજમાં ટી.વાય.બી.કોમ. લેવલે વધારાના બીજા ડીવીઝનની મંજુરી આપવા બાબતે કોલેજના આચાર્યશ્રીનો તા. ૩૧–૧૨–૦૪ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન અનુદાનપાત્ર રાજપીપળાની આર.એમ.કોમર્સ કોલેજમાં ટી.વાય.બી.કોમ. લેવલે વધારાના બીજા ડીવીઝનની મંજુરી આપવા અંગેની બાબતની સમયમયાર્દા વીતી ગઈ હોવાથી અપ્રસ્તુત ગણવી પરંતુ સાથોસાથ નિયત સંખ્યાથી વધુ પ્રવેશો આપવા નહી તે સબબની કોલેજને તાકીદ કરવી.

૩. શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ એન્ડ શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ અને કે.આર.પી દરજી ઈન્ડોઅમેરીકન ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, વ્યારામાં બી.સી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ના જોડાણ સંદર્ભે નિયુકત ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ એન્ડ શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ અને કે.આર.પી દરજી ઈન્ડોઅમેરીકન ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, વ્યારાને બી.સી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમનું કાયમી જોડાણ શરતચૂકથી આપેલ હોય તેને રદ ગણવું. તદ્નુસાર સંસ્થા તેમજ રાજય સરકારને જાણ કરવી તથા પ્રસ્તુત બાબત પુનઃ રજૂ કરવી.

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

૪. યુનિવર્સિટી સંલગ્ન (અનુદાનપાત્ર તેમજ સ્વનિર્ભર) કોલેજમાં હેડ ઓફ ડીપાર્ટમેન્ટ માટે એક સરખી શ્રેયાનતા ધરાવતા પ્રાધ્યાપકો પૈકીના શ્રેયાન (સિનીયર) પ્રાધ્યાપક ગણવા અંગેની જરૂરી જોગવાઈઓ કે નીતિનિયમો નક્કી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૧૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૨૯ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૧૨–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨૯**

**::** આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં જરૂરી જોગવાઈ કે નીતિનિયમો નક્કી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમોના અમલ કરવાનું ચાલુ રાખવું.

૫. શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૨૦૦૬ દરમ્યાન કાશ્મીરી સ્થળાંતર વિદ્યાર્થીઓને પ્રવેશ માટે રાહત આપવા માટેના માનવ સંશોધન વિકાસ મંત્રાલય માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ વિભાગ નવી દિલ્હીના જોઈન્ટ સેક્રેટરીશ્રીના તા. ૧૮–૦૧–૨૦૦૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગત વર્ષની જેમ આ વર્ષ માટે પણ પત્રની વિગતો સ્વીકારી ઘટિત કાર્યવાહી કરવી.

૬. યુનિવર્સિટીના Comparative Literature ના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા Dr. Damyantiben Parmar ને UGC GL Career Advancement Scheme હેઠળ રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની ભલામણને આધારે સિન્ડિકેટ તા. ૧૯–૨–૨૦૦૪ની સભાના ઠરાવ ક્રમાંક ૩૯ અન્વયે ડૉ. દમયંતિ પરમારને રીડર તરીકે નામાભિધાન જયારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક (Effective) ગણી આપવા અંગે કરેલ ઠરાવ સંદર્ભમાં તેણીને કઈ તારીખથી Designated કરવા તે અંગે વિચારણા કરવા બાબત.

**નોંધઃ–** (૧) સિન્ડિકેટનાં ઉપરોક્ત ઠરાવના સંદર્ભમાં તેણીને Reader તરીકે Designated આપવાની તારીખ અસરકારક (Effective) ગણવી તે અંગે રચવામાં આવેલ કમિટીએ નીચે મુજબ ભલામણ કરેલ છે.

In case of Dr. Damayantiben Parmar (Comparative Literature) the committee observed that she was placed in selection grade on 16th November 1996. She was interviewed for the position of Reader (C.A.S.) on 17th April 2001 and was not selected. Hence in the opinion of the Committee. She may be designated as Reader only after 18th April 2001.

આમ સમિતિએ તા. ૧૮–૪–૨૦૦૧ પછી Reader નું Designation આપવા ભલામણ કરી છે.

(૨) તેણીને સિલેકશન ગ્રેડની તા. ૧૬–૧૧–૧૯૯૬ છે.

(૩) અગાઉ તેણીને રીડર તરીકે Designated આપવા તા. ૧૭–૪–૨૦૦૧નાં રોજ મળેલ પસંદગી સમિતિએ રીડરનાં નામાભિધાન માટે ભલામણ કરેલ નથી.

(૪) ત્યાર બાદ તા. ૧૫–૨–૨૦૦૪ના રોજ મળેલ પસંદગી સમિતિએ તેણીને રીડર તરીકે Designated કરવા કરેલ ભલામણને આધારે સિન્ડિકેટ તા. ૧૯–૨–૨૦૦૪ની ભલામણને આધારે જયારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ગણવા કરેલ ઠરાવ સંદર્ભમાં આ અંગે રચવામાં આવેલ કમિટિએ અગાઉ C.A.S. હેઠળ Reader તરીકે Designated આપવા તા. ૧૭–૪–૨૦૦૧ના રોજ મળેલ પસંદગી સમિતિએ તેણીના કેસમાં Reader તરીકે Designated કરવા ભલામણ કરેલ ન હોવાથી તા. ૧૮–૪–૨૦૦૧ પછી રીડર તરીકે નામાભિધાન આપવાની તારીખ અસરકારક ગણવા ભલામણ કરેલ છે. જે સબબ તારીખ નક્કી કરવા અંગે વિચારવાનું રહે છે.

(૫) C.A.S. હેઠળ Reader માંથી Professor તરીકે પ્રમોશન આપવા Reject case માં એક વર્ષ બાદ પ્રોફેસરના પ્રમોશન આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જયારે Readerના Designated માટે C.A.S. માં કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. જે જાણ સારું.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી.

**(ઉપરોક્ત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

૭. યુનિવર્સિટી કાર્યાલયના ડીબીઆઈએમ વિભાગના ટેક.આસી. તરીકે ફરજ બજાવતા શ્રી રોહિત ડી. સોલંકીની ફરજ પ્રત્યે બેદરકારી, અનિયમિતતા, વિગેરે બાબતે સિન્ડિકેટની તા. ૧૬–૧૨–૨૦૦૪ સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૫ અન્વયે સમિતિને ડીટેઈલ રીપોર્ટ રજૂ કરવા જણાવવાનું ઠરાવતા આ અંગે તા. ૭–૪–૦૫ના રોજ મળેલ સમિતિના આ સાથેના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના ડીબીઆઈએમ વિભાગના ટેક.આસી. તરીકે ફરજ બજાવતા શ્રી રોહિત ડી. સોલંકીની ફરજ પ્રત્યે બેદરકારી, અનિયમિતતા, વિગેરે બાબતે સિન્ડિકેટની તા. ૧૬–૧૨–૨૦૦૪ સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૫ અન્વયે સમિતિને ડીટેઈલ રીપોર્ટ રજૂ કરવા જણાવવાનું ઠરાવતા આ અંગે તા. ૭–૪–૦૫ના રોજ મળેલ સમિતિની ભલામણ સ્વીકારી જરૂરી કાર્યવાહી માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. યુનિવર્સિટીનાં સાયન્સ એન્ડ ઈન્સ્ટુમેન્ટેશન સેન્ટર (યુસીક) નાં સાયન્ટીફીક ઓફીસર શ્રી જે.પી. પટેલની નિવૃત્તિવય મર્યાદા ૬૨ ની રાખવા અંગેનો પ્રસ્તાવ સિન્ડિકેટની તા.૧૧–૧૨–૨૦૦૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૯ અન્વયે શ્રી પટેલ દ્વારા દાખલ કરવામાં આવેલ અરજીને અનુલક્ષીને નામદાર વડી અદાલત દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ અંગે શી સ્થિતી પ્રવર્તે છે તેની વિગતો મેળવી બાબત પુનઃ રજૂ કરવાનું ઠરાવેલ છે. જે સંદર્ભમાં શ્રી પટેલ દ્વારા વડી અદાલતમાં દાખલ કરવામાં આવેલ **Special Civil Application No. 10286 of 2003** સંદર્ભમાં નીચે મુજબ ઓર્ડર કરેલ છે, જે અંગેની નોંધ લેવા બાબત....

**"The Government is requested to decide the same by 31st January 2005, interim relief granted earlier to continue till further orders."**

**<u>નોંધ</u> :–**

(૧) આ અંગે યુનિવસિર્ટી નામદાર હાઈકોર્ટના એડવોકેટ શ્રી ધવલભાઈ દવેના તા. ૨૯–૧૨–૨૦૦૪ના પત્રથી નીચે મુજબ અભિપ્રાય વ્યકત કરેલ છે.

**"Mr.Jivanbhai P. Patel and as a result thereof, pending the final disposal of the captioned matter Mr.Jivanbhai P. Patel is required to the continued in service on the basis as if the age of superannuation is 62 Years."**

(૨) શ્રી ધવલભાઈ દવેના ઉપરોકત અભિપ્રાય સંદર્ભમાં જણાવવાનું કે, યુનિવર્સિટી એ (સિન્ડિકેટ તા.૧૨–૦૭– ૦૧ ઠરાવ –૩૮ તથા ૨૯–૧૦/૭–૧૧–૦૧,૨૧/૨૯–૧૨–૦૧ ઠરાવ –૪૬ થી) તેમની નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષને બદલે ૬૨ વર્ષની ઠરાવેલ હોય એટલે રાજય સરકાર જયાં સુધી જવાબ ફાઈલ ન કરે ત્યાં સુધી યુનિવર્સિટી પક્ષે તેમને ૬૨ વર્ષ પહેલાં નિવૃત્ત કરવાનું કોઈ કારણ રહેતું નથી.

(૩) શ્રી પટેલ હાલ યુનિવર્સિટીની સેવામાં કાર્યરત છે અને તેથી સિન્ડિકેટના ઠરાવ અન્વયે ૬૨ વર્ષ આગામી તા.૧૮–૦૭–૨૦૦૫ના રોજ પૂરા કરશે. અને સત્રના નિયમાનુસાર તા.૩૧–૧૦–૨૦૦૫ના રોજ નિવૃત્ત કરવાના રહેશે.

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નોંધ લેવી.

૯. નવી દિલ્હીની ભારતીય માનવ અધિકાર સંસ્થા **(Indian Institute of Human Rights)** દ્વારા ડીસ્ટન્સ લર્નીંગ સ્કીમ હેઠળ **Human Rights Education** નો બે વર્ષનો અભ્યાસ અનુસ્નાતક કક્ષાએ શરૂ કરવા તથા તે અંગે યુનિવર્સિટી/ સંસ્થા વચ્ચે **MoU (Memorandum of Understanding)** કરવા વિનંતી કરતાં સદર સંસ્થાના તા. ૩૧–૧૨–૨૦૦૪ ના **II HR/MoU/2004** ની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંસ્થાના વૈધાનિક દરજ્જા અંગે તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરવી.

૧૦. સાયન્સ ફેકલ્ટીના ડીન તથા કેમેસ્ટ્રીની પી.જી.એડમીશન કમિટિના સભ્યોની સંયુકત સહીથી મળેલ પ્રસ્તુત પત્રની રજુઆત મુજબ (તા. ૫–૧૦–૨૦૦૪) અનુસ્નાતક લેબોરેટરીમાં વપરાતાં કેમિકલ્સ, ગ્લાસવેર્સ અને ઈકવિપ્મેન્ટસ પાછળ દોઢ થી બે લાખ રૂા. નો ખર્ચ થતો હોવાથી તથા ગુજરાત ગવર્નમેન્ટમાંથી ગ્રાંટ મળતી નથી, તેથી અનુસ્નાતક કેન્દ્રો ચલાવવા કોલજોને નાણાંકીય ભીડ અનુભવવી પડે છે. તેથી પેમેન્ટ સીટ ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીના ડીન તથા કેમેસ્ટ્રીની પી.જી.એડમીશન કમિટિના સભ્યોની સંયુકત સહીથી મળેલ પ્રસ્તુત પત્રની રજુઆત મુજબ (તા. ૫–૧૦–૨૦૦૪) સાયન્સ ફેકલ્ટી અંતર્ગત આવતા કેમેસ્ટ્રીના અનુસ્નાતક કેન્દ્રોની લેબોરેટરીમાં વપરાતાં કેમિકલ્સ, ગ્લાસવેર્સ અને ઈકવિપ્મેન્ટસ પાછળ દોઢ થી બે લાખ રૂા. નો ખર્ચ થતો હોવાથી તથા ગુજરાત ગવર્નમેન્ટમાંથી ગ્રાંટ મળતી નથી, તેથી અનુસ્નાતક કેન્દ્રો ચલાવવા કોલજોને નાણાંકીય ભીડ અનુભવવી પડે છે. જેથી સદર કેન્દ્રોમાં માન્ય પ્રવેશની સંખ્યાથી ૧૦ ટકા વધુ બેઠકો અથવા વધુમાં વધુ ૦૫ બેઠકો (બે પૈકી ઓછુ હોય તે) હાયર પેમેન્ટથી ભરવા મંજૂરી આપવી.

સદરહુ બેઠક પરની આ રકમ જે તે કેન્દ્રને પ્રયોગશાળાના ખર્ચને પહોંચી વળવા માટે તે અંગેનો સંપૂર્ણ જરૂરી હિસાબ વર્ષાંતે યુનિવર્સિટીમાં જમા કરાવે તે શરતે પરત આપવી.

૧૧. યુનિવર્સિટી તરફથી લેવાતી વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ આચરતા જણાયેલા વિદ્યાર્થીઓના કિસ્સાઓ તેમજ પુનઃ મુલ્યાંકન માટે અરજી કરનાર વિદ્યાર્થીઓ પૈકી પરિણામ સુધરવાને કારણે યુનિવર્સિટી તરફથી મોડા જાહેર થતા પરિણામોના કિસ્સાઓ ઉપરાંત અન્ય કારણસર જે વિદ્યાર્થીઓનાં પરીક્ષાના પરિણામો યુનિવર્સિટી તરફથી મોડાં જાહેર થતા હોય તેવા કિસ્સાઓમાં જરૂર પડયે વિદ્યાર્થીઓની પ્રથમ સત્રની ફી વસૂલ કરી તેઓને દ્વિતીય સત્રમાં પ્રવેશ આપવા અંગેના સિન્ડિકેટના તા. ૪–૧૨–૧૯૯૧ ની સભાનાં ઠરાવ (ક્રમાંકઃ ૩૫)ના સંદર્ભમાં પ્રવેશ સબંધિત નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત.

(૧) પ્રવેશ આપવા અંગેની ઉપરોકત જોગવાઈની મુદત (સમય મર્યાદા) નકકી કરવા અંગે.
(૨) પ્રવેશ આપવા અંગેની ઉપરોકત જોગવાઈ કઈ કઈ ફેકલ્ટીમાં લાગુ પાડવી તે નકકી કરવા અંગે
(૩) પ્રવેશ આપવા અંગેની ઉપરોકત જોગવાઈ સેમેસ્ટર સીસ્ટમમાં લાગુ પાડી શકાય કે કેમ? તે નકકી કરવા અંગે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી.

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

૧૨. ડૉ. એ.કે. તાઈ નાં માર્ગદર્શન હેઠળ હિન્દી વિષયમાં **Ph.D.** માટે સંશોધન કાર્ય કરતાં વિદ્યાર્થીઓનાં શોધ નિબંધમાં (થેસીસ) થયેલ ગેરરીતી અંગેની તપાસ સમિતિનો અહેવાલ સિન્ડિકેટના તા.૧૦–૬–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક ૫ અન્વયે પરીક્ષા આચાર સમિતિ (તા. ૨૭/૧૧/૨૦૦૨) સમક્ષ રજૂ કરેલ હોય જે સંદર્ભમાં પરીક્ષા આચાર સમિતિની તા. ૨૭–૧૧–૨૦૦૨ની ભલામણ પર વિચારણા કરતાં સિન્ડિકેટના નીચેના ઠરાવના અર્થઘટન અંગે વિચારણા કરવા બાબત.

**સિન્ડિકેટ ઠરાવઃ (તા. ૧૯–૧૨–૨૦૦૨ નાં ઠરાવ ક્રમાંક– ૪૦)**

:: "આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૭–૧૧–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંકઃ ૧ માં ડૉ. એ.કે. તાઈની બાબત ના મંજૂર કરવી અને ભલામણ ક્રમાંકઃ ૨ સ્વીકારવી."

(અનુસ્નાતક)

:: ઉપરોકત બાબતે ડો. તાઈનાં માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.માં રજીસ્ટર્ડ થયેલાં વિદ્યાર્થીઓનાં કીસ્સામાં નિયમોનુસાર આગામી કાર્યવાહી કરવા ડીનશ્રી (વિનયન)ને સત્તા આપવી.

વધુમાં, સિન્ડિકેટ સભ્ય અને ડીનશ્રી સનાઢય સાહેબે અગાઉની તા. ૧૯–૧૨–૨૦૦૨ના ઠરાવ ક્રમાંકઃ (૪૦)માં આચાર સમિતિની ભલામણ ક્રમાંકઃ (૦૧) ના મંજૂર કરવા અંગે કારણો દર્શાવેલ ન હોવાથી આ કિસ્સામાં થયેલી ગંભીર ગેરરીતીઓ સિન્ડિકેટ સમક્ષ જણાવતાં સિન્ડિકેટે આ સંબંધે પુનઃ વિચારણા કરતાં નીચે મુજબ ઠરાવેલ છે.

(૧) તપાસ સમિતિની બાબત ક્રમાંકઃ (૪) સિવાયની અન્ય બાબતો સ્વીકારી તદ્નુસાર આગળની કાર્યવાહી કરવી.

(૨) પરીક્ષા આચારની તા. ૧૭–૧૧–૨૦૦૨ની ભલામણ ક્રમાંકઃ (૧) પણ ઉપરોકત ક્રમાંકઃ (૦૧)ને સાથે વંચાણમાં લઈ સ્વીકાર કરવો.

૧૩. શ્રી જે.ટી. અખાણી, સચિવ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ એસએજી/ રમત/ ફંડ/ ૨૨૨૦૪/ ગ–૧. તા. ૨૨/૧૧/૦૪ના પર બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજયુકેશન અને રીક્રીએશને તેની તા. ૧૦–૧–૦૫ની સભાના ઠરાવ નં. ૭ હેઠળ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં સ્પેશ્યલ ફંડની વ્યવસ્થા ન હોવાના કારણે જનરલ ફંડમાંથી ફંડ ફાળવવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી જે.ટી. અખાણી, સચિવ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ એસએજી/ રમત/ ફંડ/ ૨૨૨૦૪/ ગ–૧. તા. ૨૨/૧૧/૦૪ના પર બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજયુકેશન અને રીક્રીએશને તેની તા. ૧૦–૧–૦૫ની સભાના ઠરાવ નં. ૭ હેઠળ કરેલ ભલામણનો સ્વીકાર કરવો નહીં.

૧૪. ઓકટોબર–૨૦૦૩માં લેવાયેલ **S.Y.B.Com.** પરીક્ષાના બેઠક ક્રમાંકઃ ૨૭૪૭ના એડવાન્સ એકાઉન્ટીંગ પેપર–૧ ના ગુણોમાં ફેરફારના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૭–૭–૦૪ ની સભામાં પ્રસ્તુત બાબતમાં જરૂરી તપાસ કરીને સંપૂર્ણ માહિતી ઈ.ચા.આચાર્યશ્રી પાસે મોકલી તાકીદ કરી મંગાવવાનું ઠરાવ્યું હતુ. સદરહું બાબતના સંદર્ભમાં અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઈ.ચા.આચાર્યશ્રીએ તેમના તા. ૩/૯/૨૦૦૪ના પત્રથી મોકલેલ ખુલાસો / વિગત પર વિચારણા કરવા બાબત. (તા. ૩/૯/૨૦૦૪નો પત્ર બિડાણ તરીકે સામેલ છે.)

(પરીક્ષા)

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું બાબત પરીક્ષા આચાર સમિતિ સમક્ષ રજૂ કરવી.

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

૧૫. અંધજન શિક્ષણ મંડળ, સુરતનાં પ્રમુખશ્રીએ, સંસ્થાએ અંધજનોના શિક્ષણ માટેના તાલીમી અભ્યાસક્રમ અંગે યુનિવર્સિટીની સંલગ્નતા માંગી હતી. યુનિવર્સિટીની એલ.આઈ.સી. એ અહી આવીને સંલગ્નતા અંગે સંસ્થાને ૨૦૦૪–૨૦૦૫ માટે મંજૂરી આપી હતી. દિલ્હીથી નિયુકત થયેલ રીહેબીલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની એલ.આઈ.સી. ને આપવામાં થોડો વિલંબ થયો અને એક વર્ષ પૂરું થયુ. આ અંગે કોઈ નવો વાંધો ત્યાંથી ન લેવાય એ માટે આ અભ્યાસક્રમ અંગેની સંલગ્નતાની મુદત લંબાવી આપવા માટેની નમ્ર વિનંતી કરતા તા. ૩–૬–૨૦૦૫નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ અંગે સ્થાનિક તપાસસમિતિના અગાઉના જુના રિપોર્ટના આધારે ચકાસણી હાથ ધરી જોડાણ માટે આગળની ઘટિત કાર્યવાહી માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. વિદ્યા ભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ ફાર્મસી, ઉમરાખના શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૦૫માં પ્રથમ વર્ષ બી.ફાર્મમાં ૨૫ ટકા પ્રમાણે મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપવામાં આવેલ છે. પ્રસ્તુત બાબતમાં નામદાર સર્વોચ્ચ અદાલતના તા. ૭–૧–૨૦૦૫ના ચુકાદો ધ્યાનમાં લઈ મેનેજમેન્ટ કવોટાના પ્રવેશના એનરોલમેન્ટ કરવા અંગે આદેશ આપેલ છે. તે અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સંસ્થા દ્વારા યુનિવર્સિટી સાથેના જોડાણના નિયમો તથા અન્ય ધારા ધોરણોનો અમલ થાય છે કે કેમ તે અંગે સર્વગ્રાહી તપાસ કરી અહેવાલ આપવા નીચે મુજબના સભ્યોની એક સમિતિની રચના કરવી.

(૧) ડો. કિશોરસિંહ વી. દેસાઈ

(૨) શ્રી દિનેશભાઈ દાસા

**(પરિશિષ્ટઃ ક)**

૧૭. (તા. ૧૧–૦૫–૨૦૦૫) ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીના ઠરાવ ક્રમાંક : (૧૧) પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતે પ્રાપ્ત થયેલ નૂતન કન્સ્ટ્રકશન, સુરતનાં ભાવ સૌથી ઉંચા હોઈ સ્ટીલનો વણ વપરાયેલો જથ્થો તે ભાવોએ તેઓને હવાલે કરી તે અંગેની રકમ તેમણે યુનિવર્સિટી પાસે લેવાની થતી બીલની રકમમાં એડજસ્ટ કરવી.

**(પરિશિષ્ટઃ ખ)**

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

૧૮. રોફેલ શ્રી જી.એમ.બીલખીયા કોલેજ ઓફ ફાર્મસી, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂ એ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૧૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૨ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૧૨–૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, રોફેલ શ્રી જી.એમ.બીલખીયા કોલેજ ઓફ ફાર્મસી, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસીનું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂ એ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ માં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધીન શૈક્ષણિક વર્ષે ૨૦૦૪–૦૫ માટે ચાલુ જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો</u> :–**

૧. વધારાની પ્રયોગશાળાની સુવિધા પૂર્ણ કરવી.

૨. એક પ્રોફેસર તથા બે આસીસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂંક માટે પ્રક્રિયા કરવી.

૩. લાયબ્રેરીમાં વિષયવાર, સ્ટાડર્ન્ડ અંગ્રેજી પુસ્તકો તથા સામાયિકોની રૂા. ૭૫,૦૦૦/– ની મર્યાદામાં ખરીદી કરવી.

૪. કમ્પ્યુટરની સુવિધા વિકસાવવી.

૫. ટેકનીકલ–કમ–લેબોરેટરી આસિસ્ટન્ટની વ્યવસ્થા માટે પ્રક્રિયા કરવી.

૬. યુનિવર્સિટીના નિયમોનું અક્ષરશઃ પાલન કરવું.

૭. કોલેજના સંચાલનમાં જો કોઈ ખોટ આવે તો તે ભરપાઈ કરવાની સંચાલક મંડળ લેખિત બાંહેધરી આપે.

૮. યુનિવર્સિટીના નિયમોનુસાર શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે તેમજ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ – ૬૯ (એ) અને ૬૯ (બી) નો ચૂસ્તપણે અમલ કરવામાં આવે.

(શૈક્ષણિક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમીક કાઉન્સિલની પ્રસ્તુત ભલામણ સ્વીકારવી અને એકેડેમિક કાઉન્સિલે મુકેલી તમામ શરતોનું યથાર્થ પરિપાલન થાય તે શરતે રોફેલ શ્રી જી.એમ.બીલખીયા કોલેજ ઓફ ફાર્મસી, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસીનું ચાલુ જોડાણ આપવા માટે રાજય સરકારને ભલામણ કરવી.

૧૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કાયમી સફાઈ કામદારોને પટાવાળા તરીકે બદલી કરી તેમની પાસે પટાવાળા તરીકેની કામગીરી કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સફાઈ કામદારોની તા. ૬–૬–૨૦૦૫ની અરજી ધ્યાને લઈ હાલ પુરતુ વહીવટી સરળતા ખાતર અન્ય આદેશ ન થાય ત્યાં સુધી તેઓને પટાવાળા તરીકેની ફરજ બજાવવા જરૂરી આદેશ કરવા.

વધુમાં, પ્રસ્તુત વ્યવસ્થા વહીવટી સરળતા ખાતર કામચલાઉ ધોરણે હોવાથી તેઓની નિમણૂંક મૂળ નિમણૂંક એટલેકે, સફાઈ કામદાર તરીકેની જ ગણવામાં આવશે અને તદ્નુસાર મળવાપાત્ર લાભો જ તેઓને આપવામાં આવશે તથા પટાવાળાની જગ્યા માટે અથવા તો તે જગ્યા સંબંધીત અન્ય આનુષાંગિક લાભો માટે કોઈ હકક/ દાવો, પ્રસ્થાપિત થશે નહી/ કરી શકશે નહી તે મુજબની સ્પષ્ટતા/ જાણ કરવાનું રાખવું.

૨૦. કેમ્પસ ખાતેના જુના ખંડેર પડેલા ચોથા વર્ગના કર્મચારી કવાર્ટસના ૬ (છ) મકાન તોડી પાડવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતેના જુના ખંડેર પડેલા ચોથા વર્ગના કર્મચારીઓના કવાટર્સના છ (૬) મકાનો તોડવાની કાર્યવાહી યોગ્ય રીતે હાથ ધરવી તથા તેમાંથી પ્રાપ્ત થયેલ સરસામાન અથવા તો અન્ય ચીજો જે નિકાલને પાત્ર હોય તેઓનો યોગ્ય નિયમાનુસાર અથવા તો યોગ્ય મંજૂરીથી નિકાલ કરવો.

૨૧. સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝના ડાયરેકટર તરફથી મળેલ તા. ૨૮–૩–૨૦૦૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે સુરત મહાનગરપાલિકા પાસેથી જરૂરી પરવાનગી મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવી.

૨૨. J.P. Dawar Institute of Information Science & Technology Veer Narmad South Gujarat University, Surat દ્વારા ચલાવવામાં આવતા M.Sc. (IT) Self Finance Programme ના અભ્યાસક્રમ બાબતોએ એક મેનેજીંગ કમિટિ જેમાં ઓછામાં ઓછા ૧/૩ Nominees of the Donor of three nominees (whichever number is bigger) of the Donor Trust i.e. Dawar Charitable Trust માંથી નિયુકત કરી સમિતિની રચના કરવા Shree S.V. Patel - I/C Director, M.Sc. (IT) Self Finance Programme ના આવેલ તા. ૪–૩–૨૦૦૫ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત મુલતવી રાખવી તેમજ આ સંદર્ભે આચાર્યશ્રી, જી.પી. સનાઢયને શ્રી દાવર ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી જે.પી. દાવર સાથે કરારના વિવિધ પાસાઓ અંગે ચર્ચા વિચારણા કરી ઘટતા સૂચનો કરવા માટે નિયુકત કરવા.

૨૩. ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ) નાં વિકાસ માટે યુનિવર્સિટી, ધ્વારા સુરતની મજૂરાગેટ પાસે આવેલી આઈ.ટી.આઈ. ને દત્તક લેવા માટે તથા સદરહુ બાબતે પ્રસ્તુત સંસ્થાએ ઈન્સ્ટિટયૂટ મેનેજમેન્ટ કમીટી (આઈ.એમ.સી.) માં યુનિવર્સિટીનાં બે પ્રતિનિધિઓનો સમાવેશ કરવાનો હોઈ, બે પ્રતિનિધિઓની સંમતિ અને બાયોડેટા મંગાવતા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મજૂરાગેટ, સુરતનાં આચાર્યશ્રીનાં તા. ૧૯–૨–૨૦૦૫નાં પત્રાંકઃ તાલીમ/૧૪૩૯ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી.

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

૨૪. પરીક્ષા આચાર સમિતિની તા. ૨૭–૫–૨૦૦૫ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરિક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૭–૫–૨૦૦૫ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પરિશિષ્ટ મુજબ મંજૂર કરી અને આગળની કાર્યવાહી કરવી.

**(પરિશિષ્ટઃ ગ)**

૨૫. બી.એડ્./ બી.પી.એડ્., જી.બી.ટી.સી. વિગેરે અભ્યાસક્રમો શરૂ કરવા બાબતે "ના વાંધા પ્રમાણપત્ર" નહી આપવાનો રાજ્ય સરકારે નીતિ વિષયક નિર્ણય લીધો છે તેની નોંધ લેવા તેમજ તેના વિકલ્પે ટ્રસ્ટ તાંત્રિક શિક્ષણ આપતી સંસ્થા શરૂ કરવાનું વિચારવા અંગેના ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં તા. ૨૦–૧–૨૦૦૫નાં પત્રાંકઃ બીઈડી–૨૦૦૪–૩૪૩૧–ખ.૧નાં પત્રની નોંધ લેવા સારું.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત પત્રની નોંધ લઈ તદ્નુસારની કાર્યવાહી કરવી.

26. યુનિવર્સિટી ગ્રંથાલયમાં સીલ્વરફીશ તેમજ બુકવર્મ્સથી નુકસાન પામેલ, ઉપયોગ લઈ શકાય નહિ તેવા પુસ્તકો યુનિવર્સિટી ઓર્ડિનન્સ–૩૬ તેમજ ગ્રંથાલય સમિતિની તા. ૧૭–૭–૨૦૦૪ની સભાના ઠરાવ નં. ૩ અનુસાર રૂા. ૪૨૦૩૧ ની કિંમતના ૧૭૬૮ પુસ્તકો રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ગ્રંથાલય)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મંજૂર કરવી તથા વધુમાં આ અંગે આગળની કાર્યવાહી તથા ભવિષ્યમાં પણ જયારે ત્યારે લાયબ્રેરી કમિટિના ઓર્ડિનન્સ ૭ (**ii**) નો અમલ કરવાનું રાખવું.

27. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ભૂંકપ તેમજ વરસાદને કારણે ઉપયોગમાં ન લઈ શકાય તેવા પુસ્તકો યુનિવર્સિટી ઓર્ડિનન્સ–૩૬ અન્વયે તેમજ ગ્રંથાલય સમિતિની તા. ૧૭–૭–૨૦૦૪ની સભાના ઠરાવ નં. ૩ અનુસાર રૂા. ૪૨૨૩૭.૨૫ની કિંમતના ૫૮૫ પુસ્તકો રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ગ્રંથાલય)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મંજૂર કરવી તથા વધુમાં આ અંગે આગળની કાર્યવાહી તથા ભવિષ્યમાં પણ જયારે ત્યારે લાયબ્રેરી કમિટિના ઓર્ડિનન્સ ૭ (**ii**) નો અમલ કરવાનું રાખવું.

28. શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે.શાહ એન્ડ શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજ તથા કે.આર.પી.દરજી ઈન્ડો અમેરિકન ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, વ્યારાની સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, તેની તા. ૨૭–૧–૨૦૦૫ની સભામાં બાબત ક્રમાંકઃ (૪૮) અન્વયે વિચારણા કરી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫થી ચાલુ જોડાણ કાયમી ધોરણે આપવા રાજય સરકારને ભલામણ કરવી. એમ ઠરાવ્યુ છે. પ્રસ્તુત ઠરાવ પર પુનઃ વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે.શાહ એન્ડ શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજ તથા કે.આર.પી.દરજી ઈન્ડો અમેરિકન ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, વ્યારાની સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા માટેની જોડાણઅરજીનાં સંદર્ભમાં સંસ્થાને આપવામાં આવેલ કાયમી જોડાણ શરતચૂકથી હોઈ તેને બદલે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૪–૦૫ માટે ચાલુ જોડાણ આપવું એમ સુધારીને વાંચવું તથા તદ્નુસાર સંસ્થા તથા રાજય સરકારને જાણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ અગાઉ શરતચૂકથી શ્રી નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વરમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. માટે આપવામાં આવેલ કાયમી જોડાણ તેમજ ગાંધી વિદ્યાપીઠ, વેડછી સંચાલિત સમાજસેવા મહાવિદ્યાલય, વેડછીમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૪થી પાંચ વર્ષ માટે બી.આર.એસ. અભ્યાસક્રમ માટે આપેલ જોડાણને બદલે જે તે કિસ્સામાં એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસારના જે તે શૈક્ષણિક વર્ષ માટે ચાલુ જોડાણ આપવામાં આવેલ છે. એમ સુધારીને વાંચવુ તથા તદ્નુસાર ઘટતી કાર્યવાહી કરવી.

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

29. બારડોલી (તરસાડી) ની એસ.આર. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશનની M.Sc. (Computer Science) (સેલ્ફ ફાઈનાન્સ)નો અભ્યાસક્રમ શરૂ કરવા બાબતી અરજી પર વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બારડોલી (તરસાડી) ની એસ.આર. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશનની M.Sc. (Computer Science) (સેલ્ફ ફાઈનાન્સ)નો અભ્યાસક્રમ શરૂ કરવા બાબત સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમને લગતી હોઈ આ અંગે જરૂરી નિયમો નકકી કરવા બી.યુ.ટી.માં મોકલવી અને ત્યારબાદ વિચારણા અર્થે રજૂ કરવી.

30. કેમ્પસ ખાતે જમીન–જાયદાદની સિકયુરીટી અંગેના કોન્ટ્રાકટર મે. ઉત્કર્ષ કોર્પોરેટર સર્વિસ, વડોદરાના ૩૧ ગાર્ડો માટે કેમ્પસ ઉપર રહેવા દેવા માટે તેમના દ્વારા કરવામાં આવેલ વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતે જમીન–જાયદાદની સિકયુરીટી અંગેના કોન્ટ્રાકટર મે. ઉત્કર્ષ કોર્પોરેટ સર્વિસ, વડોદરાના ૩૧ ગાર્ડો માટે કેમ્પસ ઉપર રહેવા દેવા માટેની વિનંતી ગ્રાહ્ય રાખી કરારની અવધિ દરમ્યાન રહેવા માટે પરવાનગી આપવી તથા ઈજારદાર પાસેથી વિજળી, પાણી તેમજ મરામત ખર્ચ પેટે માસિક રૂા. ૨,૦૦૦/– તેઓના બીલમાંથી લેવાનું રાખવું.

31. બાયોસાયન્સ વિભાગ માટે માઈક્રોસ્કોપ " ફોમી–થ્રી " રૂા. ૨,૨૦,૫૪૧ની કિંમતે જર્મનીથી સન ૧૯૮૪માં ઈમ્પોર્ટ કરવામાં આવ્યું હતુ. પ્રસ્તુત માઈક્રોસ્કોપના બે લેન્સ જેની કિંમત (રૂા. ૧૪,૮૮૮ + રૂા. ૧૩,૩૪૪/–) કુલ રૂા. ૨૮,૨૩૨/– થાય છે. જે તા. ૨૩ માર્ચ ૨૦૦૫ના રોજ ગુમ થયા જણાયા હતા, જેની કાર્યવાહી કરવા વિચારણા કરવા બાબત.

(બાયોસાયન્સ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદરહું બાબતની નોંધ લઈ વિભાગ દ્વારા રાખવામાં આવેલા સ્ટોક રજીસ્ટરમાં તદ્નુસાર માંડી વાળવા અંગેની નોંધ કરવી.

32. પરીક્ષા આચાર સમિતિની તા. ૨૧–૪–૨૦૦૫ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૨૧–૪–૨૦૦૫ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ મંજૂર કરવી અને આગળની કાર્યવાહી હાથ ધરવી.

**(પરિશિષ્ટઃ ઘ)**

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

**અધ્યક્ષશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતીઃ**

33. સિન્ડિકેટ સભ્યો શ્રી મયુર ચૌહાણ તથા શ્રી દિનેશ દાસા તરફથી તા. ૬–૬–૨૦૦૫ના રોજ કુલસચિવશ્રીને ઉદ્દેશીને લખેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(લિગલ સેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે,
(૧) શ્રી મયૂર ચૌહાણ તથા શ્રી દિનેશ દાસાની વિનંતી સ્વીકારવી.
(૨) શ્રી નાનુભાઈ જોષીની ખાતાકીય તપાસ અંગેની કામગીરી તા. ૩૦–૬–૨૦૦૫ સુધીમાં પૂર્ણ કરી શકાય તેમ ન હોવાથી નામદાર અદાલતમાં મુદ્દત લંબાવવા અરજી કરવી.

34. ભરૂચ (ઝાડેશ્વર ) ની નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ માં ' એમ.કોમ. (મેનેજમેન્ટ એકાઉન્ટીગ એન્ડ માર્કેટીગ) ' નો અનુસ્નાતક અભ્યાસક્રમનું કેન્દ્ર શરૂ કરવાની કોલેજના આચાર્યશ્રીની તા. ૫–૫–૨૦૦૩ની અરજી પરત્વે **BUT (10-2-2004)** ના ઠરાવ અન્વયે કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિ (**LIC**) ના તા. ૧૩/૧૦/૨૦૦૪ના પ્રસ્તુત અહેવાલ પરત્વે વિચારણા કરતા અનુસ્નાતક શિક્ષણ મંડળે (બી.યુ.ટી) તેની તા. ૯–૨–૨૦૦૫ ની સભાના ઠરાવ મુજબ **UG/ PG** લેવલ–વિષયની યુ.જી.સી. ની પેટર્ન મુજબ એમ.કોમ.ના સ્પેશ્યલાઈઝેશન બાબત સભામાં થયેલ ચર્ચા મુજબ, ઉપરોકત સ્થાનિક તપાસ સમિતિ (**LIC**)ના અહેવાલ પર કોમર્સ ફેકલ્ટીના ડીનશ્રી (**One Man Committee**) નો અભિપ્રાય મેળવી એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરવા ઠરાવેલ હોય તે મુજબ કોમર્સ ફેકલ્ટીના ડીનશ્રીનો તા. ૧૮–૫–૨૦૦૫ના અહેવાલમાં તેમણે એમ.કોમ.નું અનુસ્નાતક કેન્દ્ર અંગ્રેજી માધ્યમમાં નીચેના બે મુખ્ય વિષય સાથે શરૂ કરવા જણાવેલ છે.

૧. માર્કેટીગ મેનેજમેન્ટ (**Marketing Management**)
૨. એડવાન્સ કોસ્ટ એકાઉન્ટીગ (**Advance Cost Accounting**)

* વધુમાં કુલપતિશ્રીએ નિયુકત કરેલ ઉપરોકત સ્થાનિક તપાસ સમિતિ (**LIC**)ના તા.૧૩/૧૦/૨૦૦૪ના પ્રસ્તુત અહેવાલમાં નીચે મુજબની બે શરતો જણાવેલી છે.

**શરતોઃ**

**૧.** એમ.કોમ. નાં સદરહુ અભ્યાસક્રમ માટે વધારાનાં સંદર્ભગ્રંથો તથા જર્નલ્સ માટે રૂા. ૫૦,૦૦૦/–ની ફાળવણી કરવી.

**૨.** સદરહુ અભ્યાસક્રમ ચલાવતાં જો સંસ્થાને કોઈ આર્થિક નુકશાની થાય તો તે ભરપાઈ કરવા અંગે સંસ્થાએ બાંહેધરી આપવી.

* **BUT (9-2-2005)** ના ઠરાવ મુજબ **One Man Committee** રિપોર્ટ તથા **LIC**ની ઉપરોકત બે શરતો સાથે ઉપરોકત અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા મંજૂરી આપવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭–૬–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪ થી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૦૭–૦૬–૨૦૦૫ની સભાનો ઠરાવ ક્રમાંકઃ– ૪</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ભરૂચ (ઝાડેશ્વર)ની નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સમાં ' એમ.કોમ. (મેનેજમેન્ટ એકાઉન્ટીગ એન્ડ માર્કેટીગ) ' નો અનુસ્નાતક અભ્યાસક્રમનું કેન્દ્ર શરૂ કરવાની કોલેજના આચાર્યશ્રીની તા. ૫–૫–૨૦૦૩ની અરજી પરત્વે **BUT (10-2-2004)**ના ઠરાવ અન્વયે કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિ (**LIC**)ના તા. ૧૩/૧૦/૨૦૦૪ના પ્રસ્તુત અહેવાલમાં જણાવેલ નીચેની શરતોને આધીન એમ.કોમ. નું અનુસ્નાતક કેન્દ્ર અંગ્રેજી માધ્યમમાં (૧) માર્કેટીગ મેનેજમેન્ટ (**Marketing Management**) (૨) એડવાન્સ કોસ્ટ એકાઉન્ટીગ (**Advance Cost Accounting**) બે મુખ્ય વિષય સાથે શરૂ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**<u>શરતોઃ</u>**

**૧** એમ.કોમ. નાં સદરહુ અભ્યાસક્રમ માટે વધારાનાં સંદર્ભગ્રંથો તથા જર્નલ્સ માટે રૂા. ૫૦,૦૦૦/– ની ફાળવણી કરવી.

**૨** અન્ય અનુસ્નાતક કેન્દ્રોની જેમ શિક્ષકોને આપવામાં આવતા ટી.એ./ ડી.એ. ખર્ચ યુનિવર્સિટી ઉપાડશે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમીક કાઉન્સિલની પ્રસ્તુત બાબતનો સ્વીકાર કરી વર્ષઃ ૨૦૦૫–૦૬ થી કેન્દ્ર શરૂ કરવું.

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

35. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાએ કુલપતિશ્રીને લખેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે વિભાગના વડાની પત્રની રજૂઆતો સ્વીકારવી અને હાયર પેમેન્ટ માટેના અભ્યાસક્રમને સ્વનિર્ભર અભ્યાસક્રમમાં તબદીલ કરવા મંજૂરી આપવી.

36. ઉષા પ્રિન્ટર તરફથી ઉત્તરવહી/પુરવણીના બીલ ચુકવણી અંગે શ્રી એમ.એ.મિસ્ત્રીએ કુલપતિશ્રીને ઉર્દૃશીને લખેલા તા. ૩–૬–૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ ૧૮/૦૫૦૬ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: વર્ષ – ૨૦૦૫ની એપ્રિલ/ મેની પરીક્ષાઓ માટે ૧૬ તેમજ ૩૨ પાનાની ઉત્તરવહીઓ, પુરવણીઓ, પ્રાયોગિક પુરવણીઓ અને ગ્રાફ પેપર છપાવવા માટે ઉષા પ્રિન્ટર દ્વારા મુખ્ય ઉત્તરવહીઓ સમયસર પૂરી ન પાડવાના કારણે યુનિવર્સિટીની એફ.વાય. બી.એ. અને એફ.વાય.બી.કોમ.ની બે દિવસની પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી હતી તથા છાપકામ કરનારી પેઢી (પ્રેસ) દ્વારા તેઓ પોતાનું પ્રિન્ટીગ મશીન બગડવાને કારણે ઉત્તરવહીઓ ખૂટી પડી અને તેઓ ઉત્તરવહીઓ પૂરી પાડી શકે તેમ નથી તેવુ લેખિતમાં જણાવતાં યુનિવર્સિટીને સમયાનુસાર પરીક્ષાઓનાં આયોજન માટે પડેલ મુશ્કેલી સંદર્ભે અને ઉત્તરવહીઓ ઘટવાને કારણે એફ.વાય.બી.કોમ. અને બી.એ.ની પરીક્ષા ૨ (બે) દિવસ મુલતવી રાખવા માટે તેઓની જવાબદારી ગણી તેઓના ઉત્તરવહીઓ, પુરવણીઓ, પ્રાયોગિક પુરવણીઓ, ગ્રાફ પેપર માટેનાં બીલની ચૂકવણી માટે રજૂઆત કરતા પત્ર પર લાંબી ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

(૧) પત્રમાં જણાવવામાં આવેલ તફાવતની રકમ રૂા. ૧૦,૯૩,૧૫૦/– ઈજારદારના પક્ષે થયેલ શરત ભંગના દંડ સ્વરૂપે લેખી તેની ચૂકવણી કરવી નહી.

(૨) ઉપરાંત તેઓ દ્વારા છાપીને પૂરી પાડવામાં આવેલ ઉત્તરવહીઓ, પુરવણીઓ, પ્રાયોગિક પુરવણીઓ, ગ્રાફ પેપરનાં છાપકામની રૂા. ૧૧,૦૦,૭૫૪/–ની રકમ બાબતે પ્રેસ દ્વારા સહાનુભૂતીપૂર્વક રીતે વિચારણાં કરી ચૂકવવાની તેમની માંગણી પણ સ્વીકારવી નહી.

(૩) પત્રમાં કરેલ રજૂઆત અનુસાર ઉપરોકત છાપકામ માટેના બીલની બાકી નીકળતી રકમ રૂા. ૭,૬૦૧/– ને પણ દંડ સ્વરૂપે ગણી ચૂકવણી કરવી નહી.

(૪) સદરહુ પાર્ટીને **Black List** કરવી તથા હવે પછી યુનિવર્સિટીમાંથી નવુ કામ તેમને આપવું નહી તેમજ તે માટે તેઓને પાત્ર ગણવા નહી.

(૫) ઉપરોકત છાપકામ માટે તેઓ દ્વારા અગાઉ જમા કરાવવામાં આવેલ સિકયોરીટી ડિપોઝીટની સંપૂર્ણ રકમ જપ્ત કરવી.

37. શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૦૬ થી નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ ઝાડેશ્વર, ભરૂચમાં એમ.એસસી. ઓર્ગેનીક કેમેસ્ટ્રીનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની સદર કોલેજની અરજી/ વિનંતી સંદર્ભમાં નિમાયેલ એલ.આઈ.સી. નો રિપોર્ટ બી.યુ.ટી.ની તા. ૯–૨–૨૦૦૫ના રોજ મળેલ સભામાં રજૂ કરેલ જે સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ ૧૯ થી ડીનશ્રી સાયન્સ ફેકલ્ટીની વન મેન કમિટિ નીમેલ હોય જે સમિતિના સભ્યશ્રી (ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી) સદર કોલેજની મુલાકાત લઈ તેમના તા. ૨૫–૫–૨૦૦૫ પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૨૦૦૬થી એમ.એસસી. ઓર્ગેનીક કેમેસ્ટ્રીનો અભ્યાસક્રમ ચાલુ કરવા ભલામણ કરેલ હોય તેમના સદર રિપોર્ટ પર વિચારણા કરવા ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭–૬–૨૦૦૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૭થી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૭–૬–૨૦૦૫ ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૩૭.</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૨૦૦૬થી નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ ઝાડેશ્વર, ભરૂચમાં એમ.એસસી. ઓર્ગેનીક કેમેસ્ટ્રીનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની સદર કોલેજની અરજી/વિનંતી સંદર્ભમાં નિમાયેલ એલ.આઈ.સી.નો રિપોર્ટ બી.યુ.ટી.ની તા. ૯–૨–૨૦૦૫ના રોજ મળેલ સભામાં રજૂ કરેલ જે સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ ૧૯થી ડીનશ્રી સાયન્સ ફેકલ્ટીની વન મેન કમિટિ નીમેલ હોય જે સમિતિના સભ્યશ્રી (ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી) સદર કોલેજની મુલાકાત લઈ તેમના તા. ૨૫–૫–૨૦૦૫ પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૨૦૦૬થી એમ.એસસી. ઓર્ગેનીક કેમેસ્ટ્રીનો અભ્યાસક્રમ ચાલુ કરવા નીચેના તારણ/ભલામણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**તારણો નીચે પ્રમાણે છે.**

(૧) સ્નાતક કક્ષાએ બીજા સત્રની વિદ્યાર્થી સંખ્યાને ઘ્યાને લઈ **F.Y/S.Y/T.Y. B.Sc.** કેમેસ્ટ્રીનો કુલ કાર્યભાર ૯૮ તાસ થાય છે. નકલ સામેલ છે.

(૨) કેમેસ્ટ્રીનો કુલ સ્ટાફ ૮ છે. જેમાં એક પાર્ટ ટાઈમ તથા પ્રિ. રાવલનો સામાવેશ થાય છે. જેથી યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રિન્સીપાલ – ૯ તાસ, પાર્ટ ટાઈમ –૧૦ તાસ, તથા ૬ સ્ટાફના ૧૮×૬= ૧૦૮ એટલે કુલ કાર્યભાર ૧૨૭ તાસ થાય છે.

(૩) સ્નાતક કક્ષાનો કાર્યભાર સંપૂર્ણ વહેંચતા (૧૮×૫= ૯૦) પાંચ સ્ટાફને કુલ ૯૦ તાસ તથા છઠ્ઠ સ્ટાફને ૮ તાસ થાય છે. જેથી એમ.એસસી. શરૂ કરવામાં આવે તો દરેક આઠ સ્ટાફને ગર્વ. તથા યુનિવર્સિટીના નિયમ મુજબ ૨ તાસ મુજબ ૧૬ તાસ ફાળવી શકાય તેમ છે. જેથી સ્નાતક કક્ષાનો કુલ કાર્યભાર –૯૮ તાસ તથા પૂર્વસ્નાતક કક્ષાનો કુલ કાર્યભાર–૧૬ તાસ એમ કુલ ૧૧૪ તાસ લઈ શકાય તેમ છે.

(અ) પી.જી.નો કુલ કાર્યભાર નીચે પ્રમાણે છે.

(૧) એમ.એસસી. પાર્ટ–૧

**4 (Four Paper) 4*3= 12 Periods**

(૧) એમ.એસસી. પાર્ટ–૧

**3 (Three Paper) 3*3= 09 Periods**

એમ કુલ ૨૧ **Periods** થાય છે.

(૪) પી.જી. વિભાગ શરૂ કરતા ૬૦% કાર્યભાર કોલેજનો સ્ટાફ તથા ૪૦% કાર્યભાર વીઝીટીગ સ્ટાફથી પૂરો કરવાનો હોય છે.

(૫) સદર કોલેજને ભરૂચની જે.પી. કોલેજ તથા રાજપીપલાની આર્ટ્સ–સાયન્સ કોલેજમાંથી પી.જી.કાર્ય માટે સ્ટાફ ઉપલબ્ધ થાય તેમ છે. જેની ખાત્રી કરવામાં આવી છે.

ઉપરોકત બાબતો જોતાં કેમેસ્ટ્રીના તમામ સ્ટાફ સાથે ચર્ચા કરતા તેઓ પી.જી.નું કાર્ય કરવા સહમત છે.

આથી સ્નાતક તથા પૂર્વ સ્નાતકનો કોલેજનો કાર્યભાર, કોલેજની લોકલ ઈન્કવાયરી કમિટિનો (**LIC**) તા. ૧૩–૧૦–૦૪ નો રિપોર્ટ તેમજ સ્થળ નિરીક્ષણ કરતા સદર કોલેજને સને ૨૦૦૫–૨૦૦૬ થી એમ.એસસી. ઓર્ગેનીક કેમેસ્ટ્રીનો અભ્યાસક્રમ ચાલુ કરવા મારી ભલામણ છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમીક કાઉન્સિલની પ્રસ્તુત બાબતનો સ્વીકાર કરી વર્ષઃ ૨૦૦૫–૦૬ થી કેન્દ્ર શરૂ કરવું.

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

38. યુનિવર્સિટી સંલગ્ન વાડિયા વીમેન્સ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરતમાં પ્રથમ વર્ષ બી.કોમ.ના અનુદાનપાત્ર ગુજરાતી માધ્યમના એક વર્ગને અનુદાનપાત્ર અંગ્રેજી માધ્યમમાં તબદીલ કરવા અંગે સદરહુ કોલેજનાં આચાર્યશ્રીના તા. ૧૭–૫–૦૫ના રોજના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન વાડિયા વીમેન્સ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરતમાં પ્રથમ વર્ષ બી.કોમ.ના અનુદાનપાત્ર ગુજરાતી માધ્યમના એક વર્ગને અનુદાનપાત્ર અંગ્રેજી માધ્યમમાં તબદીલ કરવા અંગેની ભલામણ નીચેની શરતોએ સ્વીકારવી.

**શરતોઃ**

(૧) પ્રસ્તુત વર્ગ તબદીલ કરવાની બાબત હાલમાં ૧ વર્ષ પૂરતી સ્વીકારવી.

(૨) અંગ્રેજી માધ્યમમાં વિવિધ વિષયો ભણાવવા માટે સંસ્થાના શૈક્ષણિક સ્ટાફ પૈકી જેઓ તે માટે જરૂરી ક્ષમતા અને ઈચ્છા ધરાવતા હોય તેમની પાસેથી તે માટેની લેખિત બાંહેધરી મેળવવી.

(૩) જે વિષયોમાં અંગ્રેજી માધ્યમમાં ભણાવવા માટે પૂર્ણ સમયનો સ્ટાફ ન હોય તો તે માટે યોગ્ય સ્ટાફની નિમણૂંક કરી તે અંગેનો ખર્ચ સંસ્થાએ ઉઠાવવાનો રહેશે.

(૪) અંગ્રેજી માધ્યમમાં વર્ગ તબદીલ કરવાના કારણે ભવિષ્યમાં સરપ્લસ અધ્યાપક બાબતે પ્રશ્ન ઉભા થાય તો તેવી પરિસ્થિતિમાં પ્રસ્તુત વર્ગ ક્રમશઃ પુનઃ ગુજરાતી માધ્યમમાં તબદીલ કરવો.

(૫) હાલ ગુજરાતી માધ્યમમાં ભણાવતા શિક્ષકો કે જેઓએ આ માટે બાંહેધરી આપેલ છે/ આપશે. પરંતુ જો તેઓ અંગ્રેજી માધ્યમમાં ભણાવવા માટે સક્ષમ ન જણાય અથવા તો પાછળથી તેઓની નામરજી દર્શાવે તો તેવા સંજોગોમાં પણ પ્રસ્તુત વર્ગને ગુજરાતી માધ્યમમાં તબદીલ કરવો.

39. યુનિવર્સિટીના બિન–શૈક્ષણિક કર્મચારીઓને અગાઉના સિન્ડિકેટના ઠરાવ મુજબ ૮ % લેખે પરીક્ષા ભથ્થુ એકેડેમિક વર્ષથી આપવાનું નકકી કરવામાં આવ્યું હતું જે અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે ચર્ચા વિચારણાને અંતે યુનિવર્સિટીનાં બિન–શૈક્ષણિક કર્મચારીઓને પરીક્ષા ફંડમાંથી કર્મચારીઓને મૂળ પગારના ૮ % લેખે પ્રતિમાસ પરીક્ષા ભથ્થાની ચૂકવણી કરવા અંગેની બાબત નીચેની શરતોને આધિન તા. ૧–૪–૨૦૦૫થી અમલમાં આવે તે રીતે સ્વીકારવી.

**શરતોઃ**

(૧) તા. ૧–૪–૨૦૦૫ના રોજ જે તે કર્મચારીના મૂળ પગારના ૮% લેખે જે રકમ નકકી થાય તે રકમ ભથ્થા સ્વરૂપે દર મહિને કર્મચારીને આપવી.

(૨) આ રકમ તા. ૧–૪–૨૦૦૫થી આપવી.

(૩) ઉપરોકત ગણતરી માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ **Dearness Pay** ને મૂળ પગારની ગણતરીમાં લેવો નહીં.

(૪) પરીક્ષાના કામકાજ ધ્યાને લઈને જયારે જયારે જરૂર જણાય ત્યારે સિન્ડિકેટ દ્વારા અગાઉના છેલ્લા ઠરાવમાં નકકી કરવામાં આવેલ દિવસો માટે (કુલ ૯૦ દિવસો) વધારાનાં સમય માટે પરીક્ષા અથવા તો અન્ય જે કોઈ કામ સોંપવામાં આવે તે કરવાનું રહેશે. આ માટે તેઓને અન્ય કોઈ વધારાનું ભથ્થું મળવાપાત્ર રહેશે નહીં.

**(ઉપરોકત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**

40. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના બિનશૈક્ષણિક કર્મચારી મંડળના મંત્રીશ્રી તરફથી વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા વહીવટી કર્મચારીઓને વિદાયમાન આપવા બાબતના તા. ૧૫–૦૫–૦૫ના પત્રાંકઃ એનટીએસ/ ૬૧/ ૨૦૦૫ પર વિચારણા કરવા બાબત.

(બિ.શૈ.ક.મ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બિનશૈક્ષણિક કર્મચારીઓના યુનિયન દ્વારા સત્રાંતે નિવૃત્ત થતા કર્મચારીઓ માટે નિવૃત્તિ વિદાયમાન પ્રસંગ માટે કરવામાં આવેલ વિનંતી સ્વીકારવી નહી.

41. સિન્ડિકેટ સભ્યશ્રી આ.ડો. વિક્રમભાઈ દેસાઈ અને આ. શ્રી જી.પી. સનાઢ્યના તા. ૨૯–૮–૨૦૦૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત પત્ર મૂજબની ભલામણ સ્વીકારવી અને ઘટતી કાર્યવાહી કરવી.

42. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સુરત મહાનગરપાલિકા સંચાલિત મેડીકલ કોલેજનાં સ્ટાફ તરીકે પસંદગી પામેલા જે તે ઉમેદવારોને યુનિવર્સિટીના નિયમો તથા એમ.સી.આઈ.ના નિયમો મુજબનાં લાયકાત ધોરણો ધરાવતાં હતા. તેઓને માન્યતા આપવામાં આવી છે અને જેઓ નિયમો મુજબ લાયકાત ધોરણો ધરાવતા ન હતા. તેમજ પસંદગી સમિતિમાં હાજર રહેલા કુલપતિશ્રીના પ્રતિનિધિએ ઉઠાવેલ વાંધા મુજબ, તેઓ જે યુનિવર્સિટીની માન્યતા આપવામાં આવી નથી. તે અંગે કોલેજને જાણ કરવામાં આવી છે. તેમ છતાં, સદરહુ બાબતે સુરત મહાનગર પાલિકાના મેયરનો તા. ૮–૬–૨૦૦૫ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્મીમેર કોલેજ દ્વારા કરવામાં આવેલ નિમણૂંકો અંગે લાંબી ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે, સંસ્થા એક સંલગ્ન કોલેજ હોય યુનિવર્સિટીના ધારા–ધોરણો તથા નિયમો ચૂસ્તપણે અનુસરવાના રહે છે તે મુજબની સંસ્થાને જાણ કરવી. આમ છતાં જો સંસ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ધારા–ધોરણો કે નિયમો અનુસરવામાં કોઈ તાંત્રિક પ્રશ્નો નડતા હોય તો સંસ્થા અન્ય યુનિવર્સિટી સાથે જોડાણ માંગી શકે છે, તથા તે માટે આપણી યુનિવર્સિટીનું "ના વાંધા પ્રમાણપત્ર" **NOC** સંસ્થા દ્વારા રજૂઆત કર્યેથી આપવાનું રાખવું.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
તા. ૩૦–૭–૨૦૦૫
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૭૦૬૬/૦૫

**ઈ.ચા. કુલસચિવ**

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......

**(ઉપરોક્ત બાબતોમાં કાંઈ પણ છેકછાક તથા સુધારા વધારા નથી)**